ક્રમાંક: મહેકમ/૫/૫૦

કમિશ્નર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.
તા. ૮/૫/૨૦૧૫

વિષય : સત્તા સોંપણી બાબત.

સંદર્ભ :
૧. ક્રમાંક/મહેકમ/૫/જન જા.નં.૧૯૨૫, તા.૧૨/૩/૨૦૧૫
૨. સીટ એન્જી.શ્રીનો તા.૬/૪/૨૦૧૫ નો રીપોર્ટ.
૩. મી.ક.જા.નં.૪૯, તા.૨૧/૪/૨૦૧૫

**સુધારણા હુકમ :**

ભાવનગર મહાનગરપાલિકાનાં નાયબ કમિશ્નર (એડમીન.), નાયબ કમિશ્નર (જનરલ), સીટી એન્જીનીયર, મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ તથા જુદા જુદા વિભાગોનાં શાખાધિકારી તરીકે ફરજ બજાવતા અધિકારીઓને મોંઘવારી દરનો અનેકગણો વધારો થયેલ હોય રોજબરોજની કામગીરીમાં મુશ્કેલી પડતી હોવાથી રોજબરોજની કામગીરીમાં સરળતા રહે તે માટે બી.પી.એમ.સી.એક્ટની કલમ–૬૯ હેઠળ નાણાંકીય સત્તા સોંપવા સંદર્ભ–(૧) થી રીવાઈઝ હુકમ કરવામાં આવેલ. તે સબંધે અધિકારીશ્રીઓની રજુઆતના અનુસંધાને સંદર્ભ–(૨) અને (૩) ના રીપોર્ટ અન્વયે નીચે મુજબની વિગતે બી.પી.એમ.સી.એક્ટની કલમ–૬૯ હેઠળ નાણાંકીય સત્તા સોંપવા આથી સુધારણા હુકમ કરવામાં આવે છે. સબંધીત સર્વોએ તે મુજબ અમલ કરવો.

(૧) સીટી એન્જીનીયરની માસીક ખર્ચની મર્યાદા રૂા.૧૦,૦૦,૦૦૦/– છે, તેના બદલે રૂા.૨૦,૦૦,૦૦૦/– ની કરવામાં આવે છે.

(૨) કાર્યપાલક ઈજનેર (વોટર વર્કસ), ડ્રેનેજ, રોડ, તથા બિલ્ડીંગની માસીક ખર્ચની મર્યાદા રૂા.રૂા.૨,૦૦,૦૦૦/– છે, તેના બદલે રૂા.૫,૦૦,૦૦૦/– ની કરવામાં આવે છે.

(૩) કાર્યપાલક ઈજનેર (રોશની) ની માસીક ખર્ચની મર્યાદા રૂા.૧,૦૦,૦૦૦/– છે, તેના બદલે રૂા.૨,૦૦,૦૦૦/– ની કરવામાં આવે છે.

(૪) ટેકસ સુપ્રિન્ટેન્ડન્ટના હોદાના બદલે ઘરવેરા સુપ્રિન્ટેન્ડન્ટ (પૂર્વ), ઘરવેરા સુપ્રિન્ટેન્ડન્ટ (પશ્ચિમ), રીકવરી ઓફીસર (પૂર્વ) તથા રીકવરી ઓફીસર (પશ્ચિમ) દરેકને રૂા.૫,૦૦૦/– ના ખર્ચની તથા માસીક ખર્ચની મર્યાદા રૂા.૨૫,૦૦૦/– મુજબ નાણાંકીય સત્તા સોંપણી કરવામાં આવે છે.

સંદર્ભ–(૧) ના હુકમમાં જણાવેલ ઉપરોકત સુધારણા સિવાયની વિગતો તથા અન્ય અધિકારીઓને સોંપવામાં આવેલ, નાણાંકીય સત્તા સોંપણી યથાવત રહેશે.

–:: રવાનગી અર્થે અધિકૃત ::–

સહી( જય પ્રકાશ શિવહરે)
કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નાયબ કમિશ્નર (જનરલ)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર

**નકલ સવિનય રવાના :–**

(૧) સચિવશ્રી, મ.ન.પા.ભાવનગર...સક્ષમ સત્તાને જાણ કરવા સારૂ.

**નકલ સવિનય જાણ સારૂ:**

(૧) ....................................વિભાગ

(૨) સબંધીત પ્રકરણે